# ભારતની 20.3 લાખ પોલીસ ફોર્સમાં 1000 કરતા ઓછી મહિલા વરિષ્ઠ અધિકારીઓ છેઃ 2025 ઇન્ડિયા જસ્ટીસ રિપોર્ટ

## દક્ષિણી રાજ્યોએ ટોચની રેન્ક મેળવી છે, જેમાં કર્ણાટક 1લા સ્થાને છે

***કેટલાક સુધારાઓ:***

- સમગ્ર પોલીસ સ્ટેશનોમાંથી 78%માં વિમેન હેલ્પ ડેસ્ક છે
- જિલ્લા ન્યાયતંત્રમાં મહિલાઓની હિસ્સેદારી 38% છે
- સમગ્ર જેલોમાંથી 86%માં હવે વીડિયો કોન્ફરન્સીંગ સુવિધા છે
- કાનૂની સહાય પરનો માથાદીઠ ખર્ચ 2019થી 2023માં બમણો થઇને રૂ. 6.46 સુધી પહોંચ્યો છે

*પરંતુ રાષ્ટ્રીય સ્તરે, સતત શૂન્યવકાશ રહ્યો છે:*

- કોઇપણ રાજ્ય/UT પોલીસમાં તેમના મહિલાઓ માટેના અનામત ક્વોટાને પરિપૂર્ણ કરતા નથી
- જિલ્લા, ન્યાયતંત્રમાં STનો હિસ્સો 5% અને SCsનો હિસ્સો 14% છે
- પોલીસમાં STનો હિસ્સો 12% અને SCનો 17% છે
- પેટાકાનૂની સ્વયંસેવકોની સંખ્યા અત્યંત નીચા સ્તરે સ્પર્શી ગઇ છે; છેલ્લા ૫5 વર્ષોમાં 38%થી વધુનો ઘટાડો
  રાષ્ટ્રભરની જેલોમાં ફ્ક્ત 25 સાયકોલોજિસ્ટ (માનસશાસ્ત્રી)/સાયક્રિયાટ્રિસ્ટ(માનસચિકિત્સક) ઉપલબ્ધ છે

**15** એપ્રિલ, નવી દિલ્હી: દેશમાં ન્યાય આપવાની દ્રષ્ટિએ ભારતનું રાજ્યોનું રેન્કિંગ એવો 2025 ઇન્ડિયા જસ્ટીસ રિપોર્ટ (IJR) આજે રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં જણાવ્યું છે કે કે **ભારતની મજબૂત 20.3 લાખ પોલીસ ફોર્સમાં વરિષ્ઠ રેન્કમાં 1000 કરતા પણ ઓછી મહિલાઓ છે,** જેમાં સુપ્રીન્ટેન્ડટ્સ અને ડિરેક્ટોરેટ-જર્નલ્સ તેમજ આઇપીએસ સિવાયના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે, જે સંખ્યાની દ્રષ્ટિએ 25,000 જેટલી થવા જાય છે. આઇપીએસ સિવાયની રેન્કમાં કુલ 3.1 લાખ અધિકારીઓમાં મહિલા અધિકારીઓની ટકાવારી ફક્ત 8% છે, જેમાં 90% મહિલાઓ કોન્સ્ટેબલમાં છે.

**IJR**, એક વિશિષ્ટ સામયિક રિપોર્ટ છે, જેમાં **એકંદરે કર્ણાટકને પ્રથમ સ્થાને** મુકવામાં આવ્યુ છે, જે એક એવુ રાજ્ય છે જેણે 18 મોટા અને મધ્યમ કદના રાજ્યો (પ્રત્યેક એક કરોડથી વધુની વસ્તી ધરાવતા)માં ટોચનું સ્થાન જાળવી રાખ્યુ છે. ત્યાર બાદ આંધ્રપ્રદેશનો ક્રમ આવે છે, જે 2022માં પાંચમા ક્રમેથી ઉપર આવ્યુ છે, જ્યારે તેના પછી તેલંગણા (2022 રેન્કિંગઃ 3જુ) અને કેરળ (2022 રેન્કિંગઃ 6ઠુ)નો ક્રમ આવે છે.

અન્ય રાજ્યોની તુલનામાં ચાર સ્તંભોમાં વધુ સારા પ્રદર્શનને કારણે **દક્ષિણી રાજ્યો રેન્કિંગ્સમાં પ્રભુત્વ ધરાવે છે. કર્ણાટક એક માત્ર એવુ રાજ્ય છે જે પોલીસમાં** (કોન્સ્ટેબલ અને અધિકારી લેવલમાં) **તેમજ જિલ્લા ન્યાયતંત્ર એમ બન્નેમાં પોતાના જાતિ ક્વોટાને** પરિપૂર્ણ કરે છે. કેરળમાં હાઈકોર્ટના ન્યાયાધીશોમાં સૌથી ઓછી જગ્યા ખાલી છે. જેલોમાં તમિલનાડુ સૌથી ઓછો ઓક્યુપન્સી દર (77%, રાષ્ટ્રીય સરેરાશ 131%થી વધુ) સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે. તેલંગાણા અને આંધ્રપ્રદેશ અન્ય રાજ્યો કરતાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે, ખાસ કરીને પોલીસના સંદર્ભમાં, તે સ્તંભ પર અનુક્રમે 1મું અને 2જું સ્થાન ધરાવે છે.

સિક્કિમ (2022 રેન્કિંગ: 1મું), સાત નાના રાજ્યોમાં ટોચ પર છે (દરેકની વસ્તી એક કરોડથી ઓછી છે), ત્યારબાદ હિમાચલ પ્રદેશ (2022: 6ઠું), અને અરુણાચલ પ્રદેશ (2022: 2જું). અન્ય રાજ્યોમાં**, IJR 2022 અને 2025 વચ્ચે, બિહારમાં સૌથી વધુ સુધારો નોંધાયો** હતો, ત્યારબાદ છત્તીસગઢ અને ઓડિશા આવે છે. ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડે પણ સુધારણા સ્કોરકાર્ડ પર હરિયાણા, તેલંગાણા અને ગુજરાત સહિત 7 અન્ય રાજ્યો કરતાં સારું પ્રદર્શન કર્યું (જુઓ: ઇન્ફોગ્રાફિક્સમાં સુધારણા સ્કોરકાર્ડ).

**પોલીસમાં મહિલાઓ: તેઓ ક્યાં છે?**

India Justice Report | 2025

| |
|---|
| • પોલીસમાં કુલ **2,42,835** મહિલાઓમાંથી 960 IPS રેન્કમાં છે (કુલ 7,450: DIG, DG, IG, AIGP, Adl SP, ADLSP / Dy. Com)<br>• **24,322** મહિલાઓ IPS રેન્કમાં નથી (કુલ 3,10,444: DySP, ઇન્સ્પેક્ટર, SI અને ASI)<br>• **1003** DySP મહિલાઓ છે (કુલ 11,406: DySP). મધ્યપ્રદેશમાં DySP ની સૌથી વધુ સંખ્યા છે: 133.<br>• કોન્સ્ટેબલરીમાં **2,17,553** મહિલાઓ (કુલ 17,24,312: હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ) |

ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ (IJR) સૌપ્રથમ ટાટા ટ્રસ્ટ્સ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો, જેની પ્રથમ રેન્કિંગ 2019માં પ્રકાશિત થઈ હતી. આ રિપોર્ટની ચોથી આવૃત્તિ, સેન્ટર ફોર સોશિયલ જસ્ટિસ, કોમન કોઝ, કોમનવેલ્થ હ્યુમન રાઇટ્સ ઇનિશિયેટિવ, દક્ષ, TISS-પ્રયાસ, વિધિ સેન્ટર ફોર લીગલ પોલિસી અને હાઉ ઇન્ડિયા લિવ્સ, IJR ના ડેટા પાર્ટનર સહિતના ભાગીદારોના સહયોગથી તૈયાર કરવામાં આવી છે.

**ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટની ચર્ચા કરતા, ન્યાયાધીશ (નિવૃત્ત) મદન બી. લોકુરે** ટિપ્પણી કરતા જણાવ્યું હતુ કે, "*જ્યારે કોઇ વ્યક્તિ સિસ્ટમ સાથે સંકળાયેલો હોય તેનો ન્યાય મેળવવાની પ્રક્રિયાની સજા આપવાની પ્રક્રિયા સાથેનો પહેલો સામનો થાય છે. પોલીસ સ્ટેશનો, પેટાકાનૂની સ્વયંસેવકો અને જિલ્લા અદાલતો સહિત ફ્રન્ટલાઈન ન્યાય પ્રદાતાઓને યોગ્ય રીતે સજ્જ અને તાલીમ આપવામાં આપણી નિષ્ફળતાને કારણે, આપણે જાહેર વિશ્વાસ તોડી નાખીએ છીએ. આ સંસ્થાઓ સમાન ન્યાય પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને રજૂ કરવાનો છે. આપણા સમગ્ર ન્યાય માળખાની મજબૂતાઈ સંપર્કના આ મહત્વપૂર્ણ પ્રથમ બિંદુઓ પર આધારિત છે. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટની ચોથી આવૃત્તિ નિર્દેશ કરે છે કે સંસાધનોને પૂરતું ધ્યાન આપવામાં ન આવતા સુધારાઓ થોડા અને ઘણા દૂર રહે છે. અરે, ન્યાય મેળવવાનો બોજ ન્યાય શોધતી વ્યક્તિ પર રહે છે, અને રાજ્ય પર નહીં.*"

**ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટના ચીફ એડિટર શ્રીમતી માયા દારુવાલાએ જણાવ્યું હતું કે,** *"જેમ જેમ ભારત લોકશાહી, કાયદાનું શાસન ધરાવતું રાષ્ટ્ર બનવાના સોમાં વર્ષમાં આગળ વધી રહ્યું છે, તેમ તેમ કાયદાનું શાસન અને સમાન અધિકારોનું વચન જ્યા સુધી સુધારેલી ન્યાય વ્યવસ્થા દ્વારા તેનો અમલ કરવામાં નહી આવે પોકળ રહેશે. સુધારો વૈકલ્પિક નથી. તે તાતી જરૂરિયાત છે. સારી રીતે સંસાધનોવાળી પ્રતિભાવશીલ ન્યાય વ્યવસ્થા એક બંધારણીય આવશ્યકતા છે જેનો અનુભવ દરેક નાગરિક માટે ઉપલબ્ધ રોજિંદા વાસ્તવિકતા તરીકે થવો જોઈએ."*

24 મહિનાના સખત માત્રાત્મક સંશોધન દ્વારા, IJR 2025, અગાઉના ત્રણની જેમ, ફરજિયાત સેવાઓને અસરકારક રીતે પહોંચાડવા માટે તેમના **ન્યાય વિતરણ માળખાને સક્ષમ બનાવવામાં** રાજ્યોના પ્રદર્શન પર નજર રાખે છે. અધિકૃત સરકારી સ્ત્રોતોમાંથી નવીનતમ સત્તાવાર આંકડાઓના આધારે, તે ન્યાય વિતરણના **ચાર સ્તંભો - પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સહાય** પર અન્યથા ઓછા ડેટાને એકસાથે લાવે છે. દરેક સ્તંભનું વિશ્લેષણ બજેટ, માનવ સંસાધનો, કાર્યભાર, વિવિધતા, માળખાગત સુવિધાઓ અને વલણો (પાંચ વર્ષના સમયગાળામાં સુધારો કરવાનો ઈરાદો) ના પ્રિઝમ દ્વારા રાજ્યના પોતાના જાહેર કરેલા ધોરણો અને માપદંડો સામે કરવામાં આવ્યું હતું. આ આવૃત્તિમાં 25 રાજ્ય માનવ અધિકાર પંચોની ક્ષમતાનું પણ અલગથી મૂલ્યાંકન કરવામાં આવ્યું છે (વધુ માટે SHRC સંક્ષિપ્ત જુઓ) અને તેમાં અપંગ વ્યક્તિઓ માટે મધ્યસ્થી અને ન્યાયની પહોંચ પરના નિબંધોનો સમાવેશ થાય છે.

**18** મોટા અને મધ્યમ કદના રાજ્યોનું રેન્કિંગ છે:

| રાજ્યો | રેન્ક **2025** | રેન્ક **2022** |
|---|---|---|
| કર્ણાટક | 1 | 1 |
| આંધ્ર પ્રદેશ | 2 | 5 |
| તેલંગણા | 3 | 3 |
| કેરળ | 4 | 6 |
| તામિલ નાડુ | 5 | 2 |
| છત્તીસગઢ | 6 | [illegible] |

India Justice Report | 2025

| રાજ્યો | રેન્ક 2025 | રેન્ક 2022 |
|---|---|---|
| મધ્યપ્રદેશ | 7 | 8 |
| ઓડિશા | 8 | 11 |
| પંજાબ | 9 | 10 |
| મહારાષ્ટ્ર | 10 | 12 |
| ગુજરાત | 11 | 4 |
| હરિયાણા | 12 | 13 |
| બિહાર | 13 | 16 |
| રાજસ્થાન | 14 | 15 |
| ઝારખંડ | 15 | 7 |
| ઉત્તરાખંડ | 16 | 14 |
| ઉત્તર પ્રદેશ | 17 | 18 |
| પશ્ચિમ બંગાળ | 18 | 17 |

નાના સાત રાજ્યોનું રેન્કિંગ છે:

| રાજ્ય | રેન્ક 2025 | Rank 2022 |
|---|---|---|
| સિક્કિમ | 1 | 1 |
| હિમાચલ પ્રદેશ | 2 | 6 |
| અરુણાચલ પ્રદેશ | 3 | 2 |
| ત્રિપુરા | 4 | 3 |
| મેઘાલય | 5 | 4 |
| મિઝોરમ | 6 | 5 |
| ગોવા | 7 | 7 |

*પ્રોત્સાહક સુધારાઓ, પરંતુ સતત અંતર:*

<u>ખાલી જગ્યા:</u>

*ન્યાયતંત્ર:* 1.4 અબજ વસ્તી સામે ભારતમાં 21,285 ન્યાયાધીશો છે અથવા દશ લાખ વસ્તીએ આશરે **15** ન્યાયાધીશો છે. આ 1987ના કાયદા પંચની પ્રતિ મિલિયન વસ્તી દીઠ ૫૦ ન્યાયાધીશોની ભલામણ કરતાં ઘણું ઓછું છે. **હાઈકોર્ટના ન્યાયાધીશોમાં 33% અને જિલ્લા ન્યાયતંત્રમાં 21% જગ્યા ખાલી છે**. આનો અર્થ એ થાય કે ન્યાયાધીશો માટે, ખાસ કરીને હાઈકોર્ટમાં, કામનો ભાર ઘણો વધારે છે. ઉદાહરણ તરીકે, અલ્હાબાદ અને મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં, પ્રતિ ન્યાયાધીશ 15,000 કેસનો કેસલોડ છે. રાષ્ટ્રીય સ્તરે, જિલ્લા અદાલતોમાં, **પ્રતિ ન્યાયાધીશ સરેરાશ 2,200 કેસનો** કાર્યભાર છે.

*પોલીસ:* **28% અધિકારીઓની ખાલી જગ્યા અને કોન્સ્ટેબલમાં 21% ખાલી જગ્યા સાથે**, રાષ્ટ્રીય પોલીસ અને વસ્તીનો ગુણોત્તર 831 છે. જ્યારે સૂચવેલ આંતરરાષ્ટ્રીય ધોરણ પ્રતિ લાખ વસ્તી દીઠ 222 પોલીસ કર્મચારીઓનો છે, ત્યારે ભારતમાં, **પ્રતિ લાખ વસ્તી (વાસ્તવિક સંખ્યા મુજબ) માત્ર 120 પોલીસ કર્મચારીઓ ઉપલબ્ધ છે.**

*જેલ:* અધિકારીઓમાં **28%, કેડર સ્ટાફમાં 28% અને સુધારાત્મક સ્ટાફમાં 44% ખાલી જગ્યાઓ સાથે**, જેલ સ્ટાફમાં ઉચ્ચ ખાલી જગ્યાઓ ચિંતાનું કારણ બની રહી છે. **મેડિકલ ઓફિસરોમાં 43% જગ્યા ખાલી છે.**

જ્યારે મોડેલ પ્રિઝન મેન્યુઅલ (2016) કેદી-ડોક્ટરનો ગુણોત્તર 300 કેદીઓ અને 1 ડૉક્ટર તરીકે દર્શાવે છે, ત્યારે ભારતનો રાષ્ટ્રીય સરેરાશ **775 કેદીઓ પ્રતિ ડૉક્ટર** છે. હકીકતમાં, છત્તીસગઢ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળ સહિત ઘણા મોટા રાજ્યોમાં 1000થી વધુ કેદીઓ માટે એક ડૉક્ટર હતો.

*ફોરેન્સિક્સ:* ફોરેન્સિક્સમાં, **વહીવટી સ્ટાફની ખાલી જગ્યા 47%** છે, અને **વૈજ્ઞાનિક સ્ટાફની ખાલી જગ્યા 49%** છે.

*પેટાકાનૂની સ્વયંસેવકો અથવા PLVs:* 2019 અને 2024 વચ્ચે સમુદાય-આધારિત PLVsની સંખ્યામાં **38%નો ઘટાડો** થયો છે, જેમાં તમિલનાડુ, રાજસ્થાન અને પંજાબ સૌથી વધુ ઘટાડો નોંધાવે છે. હવે, **પ્રતિ લાખ વસ્તીમાં ફક્ત 3 PLVs** છે. રાષ્ટ્રીય સ્તરે, 53,000થી વધુ તાલીમ પામેલા PLVsમાંથી, **ફક્ત એક તૃતીયાંશ ખરેખર તહેનાત હતા.**

<u>ઇન્ફ્રાસ્ટ્રક્ચર:</u>

કેટલીક માળખાકીય સુવિધાઓમાં સુધારો થયો છે, જેમ કે **વિડીયો કોન્ફરન્સિંગ સુવિધાઓ ધરાવતી જેલોના હિસ્સા**માં વધારો (86%), **કોર્ટહોલની અછત**માં થોડો ઘટાડો (14.5%), **CCTV ધરાવતા પોલીસ સ્ટેશનોના હિસ્સામાં સુધારો (83%)** અને **જેલ દીઠ કાનૂની સેવા ક્લિનિક્સ** (1,330 જેલોમાં 1,215 ક્લિનિક્સ). **ગામડાઓમાં કાનૂની સેવા ક્લિનિક્સ** (2017માં પ્રતિ ક્લિનિક 42 ગામોથી 2024માં ફક્ત 163)માં ઘટાડો થયો છે. સમગ્ર ભારતમાં, જાન્યુઆરી 2017 અને જાન્યુઆરી 2023 વચ્ચે, ગ્રામીણ પોલીસ સ્ટેશનોમાં 735નો ઘટાડો થયો છે, જ્યારે **શહેરી પોલીસ સ્ટેશનોમાં** 193નો વધારો જોવા મળ્યો છે.

રાષ્ટ્રીય સ્તરે જેલોમાં માળખાકીય ખાધ જોવા મળે છે. ભારતની જેલો વધુ પડતી ભરેલી છે, જેનો **રાષ્ટ્રીય સરેરાશ કબજા દર 131%થી** વધુ છે. 2022 સુધીમાં, ઉત્તર પ્રદેશની દરેક 3 માંથી 1 જેલમાં 250%થી વધુ કેદીઓ રાખવાનો દર નોંધવામાં આવ્યો છે. વર્તમાન દરે, ભારતની જેલમાં કેદીઓની સંખ્યા 2030 સુધીમાં 6.8 લાખ સુધી પહોંચવાનો અંદાજ છે જ્યારે હાલની ક્ષમતાના દરે તેની જેલ ક્ષમતા વધીને ૫.૧૫ લાખ થવાની સંભાવના છે.

**બે તૃતીયાંશથી વધુ કેદીઓ** (76%) **અંડરટ્રાયલ્સ** છે. અંડરટ્રાયલ્સનો મોટો હિસ્સો જેલમાં વધુ સમય વિતાવી રહ્યા છે**,** જેમાં **3-5** વર્ષ સુધી જેલમાં રહેલા કેદીઓનો હિસ્સો **2012**માં **3.4%**થી લગભગ બમણો થઈને **2022**માં **6%** થયો છે. વધુમાં**, 5** વર્ષથી વધુ જેલમાં વિતાવનારાઓમાં ત્રણ ગણો વધારો થયો છે**,** જે સમાન સમયગાળા દરમિયાન **0.8%** થી વધીને **2.6%** થયો છે.

UTRC **ની કામગીરી:** 2019 અને 2023 વચ્ચેના ડેટા રાજ્યોમાં કામગીરીમાં નોંધપાત્ર તફાવત દર્શાવે છે. સમિતિઓએ દેશભરમાં લગભગ 2.5 લાખ કેદીઓને મુક્ત કરવાની ભલામણ કરી છે**,** જેમાં મુક્તિનો સરેરાશ દર 47 ટકા છે.

<u>વૈવિધ્યતા:</u>

SC/ST/OBC: **પોલીસમાં** 59% **SC, ST** અથવા **OBC** શ્રેણીના કર્મચારીઓ છે. જોકે, ઉચ્ચ હોદ્દાની દ્રષ્ટિએ અસમાનતા છે. જ્યારે 61% **કોન્સ્ટેબલમાં SC, ST** અથવા **OBC** જાતિ શ્રેણીના કર્મચારીઓ છે, ત્યારે DySP **જેવા વરિષ્ઠ હોદ્દાઓમાં તેમનો હિસ્સો ઘટીને** 16% થાય છે.

**ન્યાયાધીશો:** જિલ્લા ન્યાયતંત્રમાં, ફક્ત 5% **ન્યાયાધીશો** ST **છે અને** 14% SC છે. **2018** થી નિયુક્ત થયેલા **698** હાઇકોર્ટના ન્યાયાધીશોમાંથી, ફક્ત 37 **ન્યાયાધીશો** SC **અને** ST **કેટેગરીના** છે.

**જાતિ:** વિવિધતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાથી, **પોલીસમાં મહિલાઓનો હિસ્સો નજીવો વધીને** 12% થયો છે, જોકે, **અધિકારી સ્તરે**, **તે માત્ર** 8% **પર સ્થિર છે. કુલ મહિલા પોલીસ** દળના **89% ફક્ત કોન્સ્ટેબલના હોદ્દામાં** આવે છે.

**હાઈકોર્ટ (14%) અને સુપ્રીમ કોર્ટ (6%)ની સરખામણીમાં જિલ્લા કોર્ટમાં મહિલા ન્યાયાધીશોનો હિસ્સો (38%)** વધુ છે. હાલમાં, **25 હાઈકોર્ટમાં માત્ર એક જ મહિલા મુખ્ય ન્યાયાધીશ** છે.

**<u>ન્યાય માટેનું બજેટ:</u>**

કાનૂની સહાય પર માથાદીઠ ખર્ચ રૂ. 7ના આંક સુધી પહોંચવા માટે સંઘર્ષ કરી રહ્યો છે જ્યારે **પોલીસ પર ખર્ચ 6 વર્ષમાં 55% વધ્યો છે, રાષ્ટ્રીય સરેરાશ હવે રૂ. 1300ની નજીક છે**. જોકે, તાલીમ પર ખર્ચ ખૂબ જ ઓછો રહે છે, પોલીસ બજેટમાં તાલીમ બજેટનો **રાષ્ટ્રીય સરેરાશ હિસ્સો 1.25% છે**.

- **કાનૂની સહાય:** કાનૂની સહાય પર રાષ્ટ્રીય માથાદીઠ ખર્ચ વાર્ષિક **રૂ.** 6.46 છે.
- **જેલ**: જેલ પર રાષ્ટ્રીય માથાદીઠ ખર્ચ રૂ. 57 છે. **2022-23**માં, પ્રતિ કેદી સરેરાશ રાષ્ટ્રીય ખર્ચ **2021-22**માં **38,028** રૂપિયાથી વધીને **44,110** રૂપિયા થયો છે. આંધ્રપ્રદેશમાં કેદી પર વાર્ષિક ખર્ચ **2,67,673** રૂપિયા છે.
- **ન્યાયતંત્ર:** ન્યાયતંત્ર પર રાષ્ટ્રીય માથાદીઠ ખર્ચ **રૂ.** 182 છે. કોઈપણ રાજ્ય ન્યાયતંત્ર પર તેના કુલ વાર્ષિક ખર્ચના એક ટકાથી વધુ ખર્ચ કરતું નથી.
- **પોલીસ:** પોલીસ પર રાષ્ટ્રીય માથાદીઠ ખર્ચ રૂ. **1,275** છે - જે ચાર સ્તંભોમાં સૌથી વધુ છે.

IJR 2025એ તાત્કાલિક અને પાયાના સુધારા બંનેનો પુનરોચ્ચાર કર્યો છે. તેમાં ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા અને પ્રતિનિધિત્વ વધારવાની વાત કરવામાં આવી છે. બદલી ન શકાય તેવા પરિવર્તનને અસર કરવા માટે, તેણે ન્યાય વિતરણને આવશ્યક સેવા તરીકે નિયુક્ત કરવાનો આગ્રહ કર્યો છે.

---------

**વધુ માહિતી માટે, કૃપા કરીને સંપર્ક કરો:**


**વલય શાહ**
ઇન્ડિયા જસ્ટીસ રિપોર્સ (indiajusticereport.org)
ઇમેઇલ: valaysingh@gmail.com
મો: 9717676026


<u>સ્રોતો</u>:


1. **<u>પોલીસ: પોલીસ સંગઠન ૨૦૨૩ પરનો ડેટા, પોલીસ સંશોધન અને વિકાસ બ્યુરો</u>**
2. **<u>જેલ: જેલ આંકડા ભારત ૨૦૨૨, રાષ્ટ્રીય ગુના રેકોર્ડ બ્યુરો</u>**
3. **<u>ન્યાયતંત્ર: ૨૦૨૪ અને ૨૦૨૫- રાષ્ટ્રીય ન્યાયિક ડેટા ગ્રીડ (NJDG), કોર્ટ સમાચાર, ભારતીય સુપ્રીમ કોર્ટ; ઇકોર્ટ્સ સેવાઓ; વેબસાઇટ્સ અને હાઇકોર્ટના વાર્ષિક અહેવાલો, ન્યાય વિભાગ</u>**
4. **<u>કાનૂની સહાય: ૨૦૨૪, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળના આંકડા</u>**

India Justice Report | 2025

Centre for Social Justice | COMMON CAUSE | CHRI | DAKSH | TISS | PRAYAS | VIDHI Centre for Legal Policy | How INDIA Lives

**<u>જોડાણ I:</u>**

## <u>એકંદરે રાષ્ટ્રીય તારણો: એક નજરે</u>

***ખાલી જગ્યાઓ:***

રાષ્ટ્રીયતા, ન્યાય તંત્રમાં ખાલ જગ્યાઓ છે:

- **પોલીસ: 21% (કોન્સ્ટેબલ); 28% (અધિકારીઓ)**
- **જેલ:** 28% (અધિકારીઓ), 28% (કેડર સ્ટાફ), 44% (સુધારણા સ્ટાફ), 40% (તબીબી સ્ટાફ), 43% (તબીબી અધિકારીઓ)
- **ન્યાયતંત્ર:** 33% (હાઇ કોર્ટના ન્યાયાધીશો), 21% (જિલ્લા કોર્ટના ન્યાયાધીશો), 27% (હાઇ કોર્ટનો સ્ટાફ)
- **કાનૂની સહાય:** 6% (DLSA સચિવ)

**<u>સુધારણાઓ:</u>**

- **પોલીસ:** કોન્સટેબલરીમાં બિહાર 30% થી 23%, અને કર્ણાટકમાં અધિકારીઓમાં 11% થી 1.2%
- **જેલ:** મધ્યપ્રદેશમાં તબીબી અધિકારીઓમાં 72% થી 31% અને ઉત્તરપ્રદેશમાં 36% થી 25% અધિકારીઓમાં
- **ન્યાયતંત્ર:** પુડુચેરીમાં જિલ્લા કોર્ટના ન્યાયાધીશોમાં 58% થી 28%, અને ત્રિપુરામાં હાઇ કોર્ટના ન્યાયાધીશોમાં 40% થી શૂન્ય.
- **કાનૂની સહાય:** DLSA સચિવો માટે અરુણાચલ પ્રદેશમાં કાનૂની સહાય 100% થી શૂન્ય.

***વૈવિધ્યતા***

***SC/ST/OBC પ્રતિનિધિત્વ:***

- **પોલીસ**માં હિસ્સો: **OBC**: 31%, **SC**: 17%, **ST**: 12%
- **ન્યાયતંત્ર**માં હિસ્સો: OBC: 25.6%, **SC**: 14%, **ST**: 5%
- કર્ણાટક એકમાત્ર રાજ્ય છે જે પોલીસ અધિકારીઓ અને કોન્સ્ટેબલ બંનેમાં SC, ST અને OBC હોદ્દા માટે સતત તેના ક્વોટાને પૂર્ણ કરે છે.

***ન્યાય વ્યવસ્થામાં મહિલાઓ: ઇન્ડિયા જસ્ટીસ રિપોર્ટમાં 5 વર્ષોમાં થયેલો ફેરફાર***

Centre for Social Justice | COMMON CAUSE | CHRI | DAKSH | TISS | PRAYAS | VIDHI Centre for Legal Policy | How INDIA Lives

- આ જ સમયગાળામાં, અધિકારી સ્તરે તે 5.5%થી વધીને 7.9% થયો છે
- 2022 માં IPS રેન્કમાં મહિલાઓની સંખ્યા: 960

India Justice Report | 2025

વર્કલોડ

- **ન્યાયતંત્ર:**

**પડતર કેસો:** કર્ણાટક, મણિપુર, મેઘાલય, સિક્કિમ અને ત્રિપુરા સિવાય, **બધી જ હાઈકોર્ટમાં ત્રણ વર્ષથી વધુ સમયથી પડતર, દર બે કેસમાંથી એક કેસ.** આંદામાન અને નિકોબાર, અરુણાચલ પ્રદેશ, બિહાર, ગોવા, ઝારખંડ, મહારાષ્ટ્ર, મેઘાલય, ઓડિશા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળની જિલ્લા અદાલતોમાં **ત્રણ વર્ષથી વધુ સમયથી પડતર, તમામ કેસોના 40% થી વધુ કેસ નોંધાયા છે.**

- **પોલીસ:**

સિવિલ પોલીસદીઠની વસ્તી: રાષ્ટ્રીય સ્તરે, 831 વ્યક્તિઓ માટે 1 સિવિલ પોલીસ કર્મચારી ઉપલબ્ધ છે

- **જેલ:**

તબીબી અધિકારીઓ: ભારતમાં 573,220 થી વધુ જેલના કેદીઓ માટે માત્ર 740 તબીબી અધિકારીઓ છે. આ સરેરાશ 775 કેદીઓ માટે એક ડૉક્ટર છે. બધી જેલોમાં માત્ર 25 મનોવૈજ્ઞાનિકો/મનોચિકિત્સકો ઉપલબ્ધ છે.

**આંતરમાળખુ**

- **સીસીટીવી:** લગભગ 17% પોલીસ સ્ટેશનોમાં એક પણ સીસીટીવી નથી. લગભગ 10 માંથી ત્રણ પોલીસ સ્ટેશનોમાં મહિલા હેલ્પ ડેસ્ક નથી.
- **ઓક્યુપન્સી** 56% (724 જેલો) 100% ક્ષમતાથી વધુ ચાલે છે, જેમાં લગભગ 20% (262 જેલો) માં ઓક્યુપન્સી દર 150%-250% ની વચ્ચે છે. **દેશની 176 જેલોમાં ઓક્યુપન્સી દર 200%થી વધુ છે.**
- **અંડર ટ્રાયલ્સ:** અરુણાચલ પ્રદેશ અને મધ્યપ્રદેશને બાદ કરતાં, બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેદીઓની વસ્તી 60%થી વધુ છે. દિલ્હીમાં કેદીઓનો હિસ્સો સૌથી વધુ છે, જ્યાં 91% કેદીઓ જેલમાં છે.